શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્નું મુખપત્ર

સદ્‌વિદ્યા પ્રવર્તાવો પૃથ્વી પરે...

ગુરુકુલ દર્શન

ISSN 2582-6409
વર્ષ : ૧૫ એપ્રિલ : ૦૪
માર્ચ : ૨૦૨૩

શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર સવાનાહ-અમેરિકા ખાતે સર્વેશ્વર ધામ મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે પૂજ્ય સ્વામીજીના હસ્તે શ્રીનિલકંઠવર્ણી તથા દ્વાદશ જ્યોતિર્લિંગની સ્થાપના



પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામીની પવિત્ર સ્મૃતિમાં આયોજિત સ્મૃતિ મહોત્સવ ઉપક્મે વ્યાખ્યાનમાળા

પૂજ્ય ધર્મનંદન સ્વામીના વ્યાસાસને આયોજિત વ્યાખ્યાનમાળામાં ઉપસ્થિત પૂજ્ય સંતો-ભક્તો, SGVP ગુરુકુલ પરિવાર સુરત

SGVP ગુરુકુલ પરિવાર બાપુનગર દ્વારા આયોજિત વ્યાખ્યાનમાળામાં ઉપસ્થિત સંતો-ભક્તો, અમદાવાદ

પૂજ્ય પુરાણી સ્વામીની પ્રથમ પુણ્યતિથિ પ્રસંગે ગુણાનુવાત સભા
અમદાવાદ ગુરુકુલ

ધર્મજીવન ગાથા ગ્રંથ વિમોચન પ્રસંગે આયોજિત
ભાવવંદના પર્વની વાર્ષિકદિનની ઉજવણી, અમદાવાદ ગુરુકુલ

હનુમાન જયંતિ પ્રસંગે ફલકૂટ દર્શન,
મારૂતિધામ - દ્રોણેશ્વર ગુરુકુલ

SGVP ખાતે આયોજિત સંસ્કૃત પ્રશિક્ષણ શિબિરમાં
દેશના ૨૫ રાજ્યોમાંથી ઉપસ્થિત શિક્ષકો

ગુરુકુલ દર્શન

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય
• પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ •
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

ભગવાન શ્રી સ્વામિનારાયણ

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય
શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૧૫, એપ્રિલ : ૨૦૨૩, અંક : ૦૪

પ્રકાશક તથા માલિક
બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર,
અમદાવાદ-૩૮૦૦૫૨

તંત્રી : શામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૫ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષનું લવાજમ : ઇ ૧૧૦/-

સહજાનંદ સિંધુ રે ....

સહજાનંદ સિંધુ રે સખી સદા સેવિયે રે,
જો સુખ ઈચ્છિયે મનમાંયે;
ડગમગ કરી રે દલ ન ડોલાવિયે રે,
જેણે કરી જીત્યો અવસર જાયે...સહ૦ ૧
અવસર આવો રે અવર આવે નહિ રે,
જેમાં કાંયે મળિયા સુંદર શ્યામ;
એવાને મૂકીને રે અન્ય ન આરાધિયે રે,
જેણે કરી જીવિત થાયે હરામ...સહ૦૨
સપના સરીખા રે સુખ આ સંસારના રે,
પશુ વિના બીજો ન કરે પરતિત;
વણસીને જાતા રે વાર જો લાગે નહીં રે,
દેહ ગેહ દારાદિક સુત વિત્ત...સહ૦૩
તે ઈંછ્યું નવ્યા આવે રે હાથ્યા છે હરિ તાણે રે,
આપ્યા વિના લેવાય નહીં તે લેશ;
પરિશ્રમ કરી રે જાયે કોયે પામવા રે,
કરે ઉપજાવી ઊલટો કલેશ...સહ૦૪
અન્ય જો ભરોસો રે અંતરથી ઉવેખિયે રે,
દેખિયે કાંઈ દલમાંકરી વિચાર;
નિષ્કુળાનંદ રે સખી તે સભાગણી રે,
જેને ઉપર પ્રસન્ન પ્રાણ આધાર...સહ૦૫

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
(૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

SwaminarayanGurukul | GurukulParivar
swaminarayangurukul.org | darshan@sgvp.org

વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતનું હાર્દ

- સ્વામી માધવપ્રિયદાસ

ચેતન અને અચેતનના પરમાત્મા સાથેના નિત્ય જોડાણને શરીર-શરીરીભાવ કહે છે.

ઉપનિષદના મંત્રો કહે છે,

यस्य पृथिवी शरीरम्।(बृ.उ.५-७-७)

यस्य आत्मा शरीरम्।(बृ.उ.मा.पा.५-७-२६)

यस्य अक्षरं शरीरम्।(सु.उ.-७)

સામાન્ય રીતે લોકમાન્યતા એવી છે કે, જે વિકારી, દોષપૂર્ણ અને નાશવંત હોય એને શરીર કહેવાય.

આત્મા અને અક્ષર નિર્વિકારી, નિર્દોષ અને અવિનાશી છે. એ શરીર કેમ હોઈ શકે?

આ પ્રશ્નનું સમાધાન કરતા ભગવાન શ્રીસ્વામિનારાયણ સમજાવે છે કે જગત માને છે એવી શરીરની વ્યાખ્યા નથી, પરંતુ જે વ્યાપ્ય, આધીન અને અસમર્થ હોય તે શરીર કહેવાય અને વ્યાપક, આધાર અને સમર્થ હોય તે શરીરી કહેવાય.

વચનામૃતમાં તેઓ કહે છે કે, "ભગવાન જે તે પોતાની અંતર્યામી શક્તિએ કરીને આત્મા ને અક્ષર તેને વિષે વ્યાપક છે ને એ બેય તો વ્યાપ્ય છે. અને ભગવાન જે તે સ્વતંત્ર છે ને આત્મા ને અક્ષર તે તો ભગવાનને આધીન છે ને પરતંત્ર છે. અને ભગવાન જે તે અતિ સમર્થ છે ને આત્મા ને અક્ષર તે તો ભગવાનની આગળ અતિ અસમર્થ છે. એવી રીતે ભગવાન જે તે એ બેયના શરીરી છે અને એ બેય જે તે ભગવાનનું શરીર છે અને શરીરી એવા જે પુરુષોત્તમ ભગવાન તે તો સદાય દિવ્ય મૂર્તિમાન છે."

(વચ.ગ.પ્ર.૬૮)

વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતનું હાર્દ છે, શરીર-શરીરીભાવ, વ્યાપ્ય-વ્યાપકભાવ, આધેય-આધારભાવ, પરતંત્ર-સ્વતંત્રતાભાવ, સ્વામી-સેવકભાવ.

સૃષ્ટિની ઉત્પત્તિનો ક્રમ

ભગવાન શ્રીસ્વામિનારાયણે પોતાનાં વચનામૃતોમાં સર્વ સત્શાસ્ત્રોના સાર રૂપે સૃષ્ટિની ઉત્પત્તિનો ક્રમ સુંદર રીતે નિરૂપ્યો છે.

શ્રુતિ કહે છે કે,

सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयम्।

(छा.उ.-६-२-१)

स ऐक्षत बहुस्याम्। (छा.उ.-६-२-३)

મહર્ષિ ઉદ્દાલક પોતાના પુત્ર શ્વેતકેતુને કહે છે કે, "હે સોમ્ય ! પ્રલય સમયે માત્ર એક અદ્વિતીય સત્સ્વરૂપ પરમાત્મા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પોતાના દિવ્ય ધામને વિશે વિરાજમાન હતા."

"અન્ય સર્વ જીવો પોતપોતાના સંસ્કારે સહિત માયાના ઉદરમાં પોઢ્યા હતા. એ જીવોના કલ્યાણ માટે ભગવાને સંકલ્પ કર્યો કે, સૃષ્ટિના સર્જન દ્વારા હું એક છું તે અનેક રૂપે થાઉં."

ભગવાન શ્રીસ્વામિનારાયણે ગ.પ્ર.૧૨ વગેરે વચનામૃતોમાં સૃષ્ટિની ઉત્પત્તિની સુંદર રીત સમજાવી છે. જેનો સાર નીચે પ્રમાણે છે.

"પરમાત્માએ સૃષ્ટિના સર્જનની ઇચ્છાથી અક્ષર સામે દૃષ્ટિ કરી. પરમાત્માની ઇચ્છાને પરિપૂર્ણ કરવા અક્ષરબ્રહ્મે પ્રકૃતિ અને પુરુષને સૃષ્ટિ રચવાની પ્રેરણા કરી."

પ્રકૃતિ પુરુષના આ યુગલને મહાપુરુષ અને મહામાયા પણ કહેવામાં આવે છે.

પ્રલય અવસ્થા શાંત સરોવર જેવી છે. શાંત-સરોવરમાં કાંકરી ફેંકવાથી તરંગ પેદા થાય, એમ ભગવાનની અનાદિ શક્તિરૂપ મહાકાળ સર્જન પ્રક્રિયાના સમયે પ્રકૃતિ-પુરુષમાં સર્જનનાં તરંગો પેદા કરે છે.

સૃષ્ટિ પ્રક્રિયામાં મહાકાળ કેટેલિક એજન્ટ (ઉદ્દીપક)ની ભૂમિકા ભજવે છે.

સૃષ્ટિના આરંભે મહાકાળ સક્રિય થાય છે, ત્યારથી કાળગણનાનો આરંભ થાય છે, આજનું વિજ્ઞાન પણ કંઈક આવી જ વાત કરે છે.

એક બીજમાંથી અનંત બીજ પ્રગટે, તેમ મહાપુરુષ અને મહામાયામાંથી અસંખ્ય પ્રધાન-પુરુષ પ્રગટ થાય છે.

આમાંથી એક એક પ્રધાન પુરુષ એક એક બ્રહ્માંડની ઉત્પત્તિના કારણ છે.

પંખી જેમ ઈંડું મૂકે, એ જ રીતે પ્રધાન પુરુષમાંથી આ બ્રહ્માંડના આદિ કારણરૂપ મહતત્ત્વ પેદા થાય છે. આ મહતત્ત્વ ઈશ્વરનો અવ્યાકૃત દેહ ગણાય છે.

બીજને અંકુર ફૂટે એમ મહતત્ત્વમાંથી સાત્ત્વિક, રાજસ અને તામસ એમ ત્રણ પ્રકારનો અહંકાર ઉત્પન્ન

થાય છે.

સાત્ત્વિક અહંકાર થકી મન અને ઈન્દ્રિયોના દેવતાઓ ઉત્પન્ન થાય છે. રાજસ અહંકારમાંથી પંચ જ્ઞાનેન્દ્રિયો, પંચ કર્મેન્દ્રિયો, બુદ્ધિ અને પ્રાણ ઉત્પન્ન થાય છે. તામસ અહંકારમાંથી પંચ મહાભૂતો સર્જાય છે. આ તત્ત્વો ઈશ્વરનો સૂત્રાત્મ દેહ ગણાય છે.

આ બધા જ તત્ત્વો સાથે મળીને ઈશ્વરના વિરાટ દેહનું સર્જન કરે છે, જેને આપણે બ્રહ્માંડ કહીએ છીએ.

આવા બ્રહ્માંડો અનંત છે, જેને શાસ્ત્રકારોએ સાગરના તરંગોના પરપોટા સાથે સરખાવ્યા છે.

વિરાટની નાભિમાંથી બ્રહ્મા પ્રગટે છે અને બ્રહ્માજી આગળની સૃષ્ટિનો વિસ્તાર કરે છે.

ભગવાન વેદવ્યાસજીએ ભાગવતજીના દ્વિતીય-તૃતીય સ્કન્ધમાં આ સૃષ્ટિ પ્રક્રિયાનું સુંદર નિરૂપણ કર્યું છે.

પડદા પાછળ રહીને કોઈ શક્તિ સંચાલન કરતી હોય, તેમ પરબ્રહ્મ પરમાત્મા અંતર્યામી શક્તિથી આ સૃષ્ટિ પ્રક્રિયામાં સર્વની સાથે ને સાથે રહે છે.

શ્રુતિ કહે છે,

'अनेन जीवेन आत्मना अनुप्रविश्य नामरूपे व्याकरवाणि।'

(छा.उ.-६-३-२)

ભગવાન સંકલ્પ કરે છે કે, 'હું મારી અંતર્યામી શક્તિથી અક્ષર, મહાપુરુષ વગેરેમાં અનુપ્રવેશ કરી નામરૂપાત્મક સૃષ્ટિનો વિસ્તાર કરું.'

જો અક્ષરાદિકમાં ભગવાનની અંતર્યામી શક્તિથી અનુપ્રવેશ ન થાય તો એ કોઈ તત્ત્વ સ્વતંત્ર રીતે કશું જ કરવા સમર્થ નથી.

મૈત્રેય ઋષિએ શ્રીમદ્ ભાગવતના તૃતીય સ્કન્ધમાં અધ્યાય ૫ તથા ૬ માં તત્ત્વદેવતાઓની સ્તુતિ પ્રસંગે આ વાત સુંદર રીતે સમજાવી છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે,

'અક્ષરાતીત એવા જે પુરુષોત્તમ ભગવાન તે સૃષ્ટિ સમયને વિષે અક્ષર સામી દૃષ્ટિ કરે છે ત્યારે તે અક્ષરમાંથી પુરુષ પ્રગટ થઈ આવે છે. પછી તે પુરુષોત્તમ જે તે અક્ષરમાં પ્રવેશ કરીને પુરુષને વિષે પ્રવેશ કરે છે ને પુરુષ રૂપે થઈને પ્રકૃતિને પ્રેરે છે. એવી રીતે જેમ જેમ પુરુષોત્તમનો પ્રવેશ થતો ગયો તેમ તેમ સૃષ્ટિની પ્રવૃત્તિ થઈ. અને પછી તે પ્રકૃતિ-પુરુષ થકી પ્રધાનપુરુષ થયા અને તે પ્રધાનપુરુષ થકી મહત્તત્વ થયું ને મહત્તત્વ થકી ત્રણ પ્રકારનો અહંકાર થયો ને અહંકારથી ભૂત, વિષય, ઈન્દ્રિયો, અંતઃકરણ અને દેવતા થયા ને તે થકી વિરાટ પુરુષ થયા ને તેની નાભિકમળમાંથી બ્રહ્મા થયા ને તે બ્રહ્મા થકી મરીચ્યાદિક પ્રજાપતિ થયા ને તે થકી કશ્યપ પ્રજાપતિ થયા ને તે થકી ઈન્દ્રાદિક દેવતા થયા ને દૈત્ય થયા ને સ્થાવર-જંગમ સર્વે સૃષ્ટિ થઈ.' (વચ.ગ.પ્ર.-૪૧)

જેમ ચક્રવર્તી સમ્રાટ કંઈક કરવા ધારે ત્યારે તે પોતાના મુખ્ય પ્રધાનને પ્રેરણા કરે છે અને એ પ્રધાન પોતાની નીચેના માણસોને તે-તે કાર્ય કરવાની પ્રેરણા કરે છે, એજ રીતે ભગવાન અહીં અક્ષરાદિકને પ્રેરણા કરે છે.

સૃષ્ટિના સર્જનનો આ ક્રમ પરમાત્માએ પ્રસ્થાપિત કરેલી વ્યવસ્થા છે. આજની ભાષામાં એને 'પ્રોટોકોલ' કહી શકાય!

જીવનમાં દુઃખ શા માટે છે ?

- ભાણદેવજી

૧. પ્રસ્તાવ :

એક યુવાન છે. બુદ્ધિમાન છે અને તેજસ્વી પણ છે. આ યુવાન આશ્રમ પર વારંવાર આવે છે. એક વાર આશ્રમ પર એકલો જ આવ્યો. તેના ચહેરા અને હાવભાવ પરથી લાગ્યું કે આજે આ શ્રીમાન કાંઈક ગુસ્સામાં છે. તેના ચહેરા પર આક્રોશનો ભાવ વાંચી શકાય છે.

સાંજનો સમય છે. એક વિશાળ વટવૃક્ષ નીચે હું બેઠો છું. આગંતુક યુવાનને પણ આસન આપ્યું. તે પણ બેઠો. મને લાગ્યું કે આજે આ યુવાન કાંઈક જુદા જ ભાવથી આવ્યો છે. મને લાગ્યું કે આ યુવાનને કાંઈક કહેવાનું છે; કાંઈ પૂછવાનું છે. તો પણ પ્રારંભ તો મારે જ કરવો પડશે. તદ્નુસાર મેં જ પ્રારંભ કર્યો -

"કહો, શી વાત છે ?"

"વાત તો છે, પણ બહુ આકરી વાત છે !"

"કહો, જે હોય તે કહો !"

"તો, સાંભળો !"

"હું શાંત રહ્યો."

તેણે બોંબ ફોડતો હોય તેમ પ્રશ્ન પૂછ્યો, "આ સૃષ્ટિ કોણે બનાવી છે ?"

"આપણાં શાસ્ત્રો તો સ્પષ્ટ કહે છે કે આ સૃષ્ટિ સર્જનહાર પ્રભુએ બનાવી છે !"

"સર્જનહારે આ સૃષ્ટિનું સર્જન શા માટે કર્યું છે ?"

"પ્રભુએ આ સૃષ્ટિનું સર્જન કોઈ હેતુની સિદ્ધિ માટે નથી કર્યું !"

"તો ?"

"પ્રભુએ આ સૃષ્ટિનું સર્જન લીલાભાવે કર્યું છે. તે તો સ્વયંપૂર્ણ છે. તેને વળી શો હેતુ હોય ?"

"લીલાભાવે એટલે આનંદભાવે ?"

"હા, એમ જ નિજાનંદભાવે !"

"જો પ્રભુએ આ સૃષ્ટિ લીલાભાવે નિજાનંદભાવે સર્જી છે, તો જીવનમાં આટલું દુઃખ શા માટે છે ? આવું અપરંપાર દુઃખ શા માટે છે ?"

આ યુવાને જીવનનો એક પાયારૂપ પ્રશ્ન પૂછ્યો છે. ઘડીભર તો મૂંઝવી દે, તેવો પ્રશ્ન છે !

તે યુવાનને જે રીતે સમજાવ્યું અને તેની સાથે પાયારૂપ પ્રશ્ન - જીવનમાં દુઃખ શા માટે છે ? - વિષયક જે વાર્તાલાપ થયો, તે અહીં અભિવ્યક કરું છું.

The life is a mystery and it is to remain a mystery for ever.

"જીવન એક રહસ્ય છે અને તે રહસ્ય જ રહેશે."

આમ આપણે જીવનને, જીવનના સર્વ રહસ્યોને યથાર્થતઃ અને સાંગોપાંગ જાણી-સમજી શકીએ તેમ થવું અશક્ય છે. આમ છતાં આપણે આ જીવન અને અસ્તિત્વને વિશે કાંઈ જ ન જાણી શકીએ તેમ પણ નથી. આપણે જીવન અને અસ્તિત્વ વિશે બધું જ ન જાણી શકીએ, પરંતુ કાંઈક જાણી શકીએ.

આટલી ભૂમિકા મનમાં સ્વીકારીને આપણે જીવનની આ સમસ્યા - જીવનમાં દુઃખ શા માટે છે ? ને સમજવાનો પ્રયત્ન કરીએ.

આ જીવનમાં અને આ અસ્તિત્વમાં કશું જ નિરર્થક નથી. બધું જ હા, બધું જ હેતુસર છે. તદ્નુસાર દુઃખ પણ હેતુસર છે. જીવનમાં દુઃખનું પણ કાંઈક વિધાયક મૂલ્ય છે.

૨. દુઃખ એટલે શું ?

સુખદુઃખ યુગ્મસ્વરૂપ છે. દુઃખના સ્વરૂપને સમજવા માટે સુખદુઃખને સાથે સમજવા જોઈએ.

સુખ અને દુઃખ, બંને લાગણી છે. અનુકૂળ સંવેદના પ્રત્યે આપણા ચિત્તમાં જે વિધાયક લાગણી અનુભવાય, તે સુખ છે અને પ્રતિકૂળ સંવેદના પ્રત્યે આપણાં ચિત્તમાં જે નિષેધક લાગણી અનુભવાય તે દુઃખ છે. આમ સુખ એટલે પરિસ્થિતિ પ્રત્યેનો સ્વીકારાત્મક પ્રતિભાવ અને દુઃખ એટલે પરિસ્થિતિ પ્રત્યેનો ઈન્કારાત્મક પ્રતિભાવ.

ભારતીય મનોવિજ્ઞાનની સુખદુઃખ વિશેની એક વિશિષ્ટ સમજ છે. ભારતીય મનોવિજ્ઞાન સ્પષ્ટ રીતે કહે છે કે આનંદ આત્માનું સ્વરૂપ છે. તદ્નુસાર આનંદ એટલે આત્માનો સ્વરૂપગત આનંદ. આ સ્વરૂપગત વિશુદ્ધ આનંદ કોઈ વિષય દ્વારા મળતો નથી. જે કોઈ નિમિત્ત દ્વારા નિષ્પન્ન થતો નથી, પરંતુ આત્માના સ્વરૂપગત ધર્મ સ્વરૂપે સદા-સર્વદા છે જ, તે આનંદ છે.

હવે પ્રશ્ન એ છે કે આનંદ આપણું સ્વરૂપ છે, સ્વરૂપગત તત્ત્વ છે, તો તે સતત કેમ નથી અનુભવાતો ? તો જીવનમાં સુખદુઃખ કેમ છે ? આપણાં સુખદુઃખનું કારણ છે, અવિદ્યા અને તજજન્ય આત્મવિસ્મૃતિ - સ્વરૂપ

વિસ્મૃતિ.

સુખ એટલે આત્માનંદનો આભાસ. જ્યારે કોઈ વિષયની સંવેદના અંતઃકરણને અનુકૂળ લાગે, ત્યારે તે વિષય સાથે આપણું ચિત્ત તલ્લીનતા અનુભવે છે. આ તલ્લીનતાને કારણે ચિત્તના અન્ય વૃત્તિવ્યાપાર બંધ પડે છે. તે વખતે થોડી ક્ષણો માટે અંતઃકરણ વૃત્તિમુક્ત બની જાય છે. અંતઃકરણ વૃત્તિમુક્ત બનતાં જ તેમાં આત્માનંદનું પ્રતિબિંબ પડે છે. આત્માનંદનું અંતઃકરણમાં પ્રતિબિંબ તે જ સુખ છે. આમ, આ રીતે સુખ આત્માનંદનું પ્રતિબિંબ છે, આભાસ છે.

હવે જોઈએ કે દુઃખ શું છે?

દુઃખ આત્માનંદનો અભાવ છે. જ્યારે અંતઃકરણ સમક્ષ પ્રતિકૂળ વિષય ઉપસ્થિત થાય, ત્યારે આપણે તેનો પ્રતિકાર કરીએ છીએ; તેની સાથે તલ્લીન થતા નથી. તેથી પ્રતિકૂળ સંવેદના દરમિયાન અંતઃકરણમાં આત્માનંદનું પ્રતિબિંબ પડતું નથી. આમ બનવાને લીધે તે વખતે અંતઃકરણમાં આત્માનંદનો અભાવ જણાય છે. આ આત્માનંદના અભાવનો અનુભવ તે જ દુઃખ છે.

આમ દુઃખ પ્રતિકૂળ સંવેદના પ્રત્યેની નિષેધક લાગણી છે, પરંતુ આ લાગણીને ગહન દૃષ્ટિથી તપાસીએ તો જોઈ શકાય છે કે દુઃખ એટલે આત્માના આનંદનો અભાવ.

આપણે અહીં સુખ અને દુઃખનાં સ્વરૂપને તો સમજ્યા. હવે સૌથી મૂલ્યવાન પ્રશ્ન એ છે કે દુઃખનું જીવનમાં કોઈ વિધાયક મૂલ્ય છે કે નહીં? હોય તો કેવી રીતે?

૩. દુઃખનું વિધાયક મૂલ્ય :

અજ્ઞાનનું આવરણ ઓઢીને શિવ જીવ બને છે, પરંતુ જીવને પુનઃ શિવત્વ સુધી પહોંચવાનું છે. જીવની શિવત્વ સુધીની યાત્રા એ જ અધ્યાત્મયાત્રા છે. જીવની શિવત્વ સુધીની યાત્રા માટે દુઃખનું એક વિશિષ્ટ વિધાયક મૂલ્ય છે. જો જીવનમાં દુઃખ જ ન હોય તો વિકાસયાત્રાનો પ્રારંભ ન થાય. દુઃખ જીવને ઊર્ધ્વગતિ માટે ધક્કો મારે છે. દુઃખ એટલે વિકાસ માટેનો પુકાર. દુઃખ જીવને એમ સૂચવે છે કે તમે જ્યાં છો ત્યાં બરાબર નથી, તમે આગળ વધો. દુઃખ જીવની વિકાસયાત્રા માટે એક પ્રેરકબળનું કાર્ય કરે છે. જો દુઃખ જ ન હોય તો જીવ જ્યાં છે, ત્યાં જ રહી જાય. અરે! જીવ પથ્થરની જેમ પડ્યો રહે! જ્યાં સુધી જીવ પોતાની સ્વરૂપભૂત કેન્દ્રસ્થ ચેતના પ્રાપ્ત ન કરે, ત્યાં સુધી દુઃખ તેને જંપીને બેસવા દેતું નથી; ત્યાં સુધી દુઃખ તેને આગળ વધવા માટે તાકીદ કરે છે. વસ્તુતઃ દુઃખ વિકાસ માટેની એક પ્રકારની તાકીદ જ છે.

જ્યાં સુધી જીવ પોતાની સ્વરૂપગત કેન્દ્રસ્થ ચેતનામાં અવસ્થિત ન થાય ત્યાં સુધી દુઃખનું વિધાયક મૂલ્ય છે. દુઃખ આવશ્યક તત્ત્વ છે અને ત્યાં સુધી દુઃખનું સંપૂર્ણ નિવારણ શક્ય પણ નથી. જીવનવિધાનનું આવું સ્વરૂપ છે.

દુઃખ, વિપત્તિ, વિટંબણા, પીડા - જો યોગ્ય રીતે લેતાં આવડે તો આ સર્વ જીવનવિકાસના સોપાન છે.

દુઃખનું આવું વિધાયક મૂલ્ય છે, તેથી જ કુંતાજી ભગવાન શ્રીકૃષ્ણ પાસે દુઃખ માટે માગણી કરે છે.

મહાભારતમાં ઘોર સંગ્રામ પૂરો થયો છે. ભગવાન શ્રીકૃષ્ણ હવે દ્વારિકા જવા તત્પર થયા છે. સાત્યકિ અને ઉદ્ધવને સાથે લઈને ભગવાન રથ પર સવાર થયા છે. રથ ચાલવાની તૈયારીમાં છે, તે જ સમયે 'પાહિ પાહિ'ના પુકારો કરતા ઉત્તરા ભગવાન સમક્ષ દોડતી દોડતી આવી રહી છે. ઉત્તરા કરગરતી કહે છે -

कामदहतु मां नाथ मा मे गर्भो निपात्यतात्।

– શ્રીમદ્ ભાગવત ૧-૮-૧૦

"હે નાથ! આ શસ્ત્ર ભલે મને સળગાવી નાખે પરંતુ મારા ગર્ભને નષ્ટ ન કરે."

ભગવાન શ્રીકૃષ્ણ સમજી ગયા કે પાંડવોના વંશને નિર્બીજ કરવા માટે અશ્વત્થામાએ બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો છે. ભગવાને સુદર્શનચક્ર દ્વારા પોતાના નિજજનોની રક્ષા કરી.



આ પ્રસંગે પાંડવો, દ્રૌપદી, કુંતાજી આદિ ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિ કરે છે, તે વખતે કુંતાજી યાચના કરે છે.

विपदः सन्तु नः शश्वत्तत्र तत्र जगद्गुरो ।
भवतो दर्शनं यत्स्यादपुनर्भवदर्शनम् ॥

- श्रीमद् भागवत १-८-२५

"હે જગદગુરુ! અમારા જીવનમાં સર્વદા પગલે પગલે વિપત્તિઓ આવતી રહે, કારણ કે વિપત્તિઓમાં જ આપનાં દર્શન થાય છે અને આપનાં દર્શનથી મુક્તિ પ્રાપ્ત થાય છે."

કુંતાજી વિપત્તિઓની માગણી કરે છે, કારણ કે કુંતાજી વિપત્તિઓનું વિધાયક મૂલ્ય સમજે છે.

આવું છે - દુઃખનું વિધાયક મૂલ્ય!

સમાપન :

આનો અર્થ એવો નથી કે...

(૧) આપણે જીવનમાં દુઃખ ઈચ્છવા જોઈએ.

(૨) આપણે દુઃખમુક્તિના પ્રયત્ન ન કરવા.

આનો અર્થ એવો છે કે...

(૧) આપણે દુઃખને ઉચિત દૃષ્ટિકોણથી જોઈએ તો દુઃખનું જોર ઓછું થઈ જાય છે.

(૨) દુઃખ આવી પડે ત્યારે રડારોડ કરવાને બદલે શાંત ભાવે દુઃખદર્શન કરીએ તો દુઃખનું ઘણું જોર ઓછું થઈ જાય છે.

(૩) વળી આપણે સમજીએ કે,

દુઃખનું નિમિત્તકારણ બહાર હોય છે, પરંતુ ઉપાદાન કારણ આપણી અંદર હોય છે. નિમિત્તકારણ પર આપણે હંમેશાં નિયંત્રણ ન રાખી શકીએ, પરંતુ ઉપાદાન કારણ પર નિયંત્રણ રાખી શકીએ.

सर्वेऽत्र सुरिवनः सन्तु सर्वे सन्तु निरामया ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःखमाप्नुयात् ॥

ચંદ્રાવળા

- ત્રિભુવનભાઈ વ્યાસ

દોરંગા

મોટે નામ ભગવાનનું રાખી -
કરતા અવળા કામા,
પુણ્ય એનું પરવારી બેઠું -
પાપના પડશે ધામા !
પાપના પડશે ધામા તે કેડે
પાઘડીનો વળ નીકળે છેડે,
કહે કોવિદરામ મહિમા ભાખી
મોટે નામ ભગવાનનું રાખી
કરતા અવળા કામા !

'મુંહ મેં રામ બગલ મેં છૂરી' એ કહેવત મુજબ જે મુખમાં ભગવાનનું નામ રાખી પોતે ભક્ત હોવાનો અંચળો ઓઢીને અવળા કામ કરે છે, એનું પુણ્ય પરવારી જાય છે. એવા દોરંગાને ત્યાં જેમ સરકાર કે પોલિસની રેડ પડે, એવી જ રીતે પાપનાં ધાડાં ઊતરી આવે છે. જેના ઘરમાં પાપ ઊતારો કરે છે, ત્યાંથી પુણ્ય ઉચાળા ભરે છે.

સજ્જન હોવાનું નાટક કરતાં દુર્જનને શરૂઆતમાં તો સારું લાગે છે, કારણ કે આ પ્રકારના અભિનયથી પ્રથમ તો સમાજમાં વાહ-વાહ થાય છે, પરંતુ એક દિવસ જ્યારે પાપનો ઘડો ભરાઈ જાય છે, ત્યારે પાપીને પસ્તાવાનો પાર રહેતો નથી. 'અબ પછતાયે હોત ક્યા, જબ ચિડિયા ચૂગ ગઈ ખેત.'

માણસનાં હૃદયક્ષેત્રમાં પાપની ચકલીઓ આવીને સદ્વૃત્તિનો સઘળો બાજરો ચરી જાય, પછી પસ્તાવો કરવો એ રાંડ્યા પછીના ડહાપણ જેવું હોય છે.

કર્મનો મર્મ

વખણાવાનાં વલખાં મૂકી -
કામ કરોને કામ !
કામની કિંમત દેવા દુનિયા
આવશે પૂછતી નામ !
આવશે પૂછતી નામ તમારું
તેજને ઢાંકશે કેમ અંધારું ?
કહે કોવિદરામ જંગમાં ઝૂકી
વખણાવાનાં વલખાં મૂકી -
કામ કરો જે કામ !

'સિદ્ધિ તેને જઈ વરે, જે પરસેવે નહાય.'

પુરુષાર્થ વગર પ્રારબ્ધ પણ ઊંઘી જતું હોય છે અને પ્રારબ્ધમાં ન હોય પણ માણસ કઠોર પરિશ્રમ કરે તો પ્રસ્વેદનું જળ છાંટીને નિદ્રાધીન પ્રારબ્ધને પણ જગાડી શકાય છે. આજનો માણસ સફળ થવા માટે ટૂંકા માર્ગ શોધવા લાગ્યો છે, પરંતુ **Short cuts are always Dangerous.**

માણસ વખણાવા માટે વલખાં મારે છે, પરંતુ શ્રમ કરવો નથી. સિંહને પણ શિકાર મેળવવા માટે હરણની પાછળ દોડવું પડે છે. જે કર્મ કરે છે એની કિંમત આપવા માટે દુનિયા સામે ચાલીને નામ પૂછતી આવે છે, કારણ કે સો વરસ જૂનું અંધારું પણ એક નાનકડો દીપક પ્રગટે એ ક્ષણે જ નષ્ટ થાય છે.

કર્મનાં તેજને અકર્મનો અંધકાર ઢાંકી શકતો નથી, માટે **Hard work is key of success.**

સુભાષિત બોધ

- પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી

પરમાત્માએ મનુષ્યને વાણીરૂપી અણમોલ વરદાન આપેલું છે. મનુષ્ય સ્પષ્ટ શબ્દોમાં વાણી બોલી શકે છે તેમજ બીજાએ બોલેલી વાણીને સમજી શકે છે અને તેના અર્થ પણ અભ્યાસ કરવાથી પામી શકે છે.

સૌને પ્રિય લાગે એવી મધુર વાણી મનુષ્યને મહાન બનાવે છે. વાણી યોગ્ય રીતે કે વધુ સુયોગ્ય રીતે બોલીને માનવી જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ, સફળતા અને જીવનની સાર્થકતા પ્રાપ્ત કરી શકે છે. તેથી જ સુભાષિતકારો હંમેશાં કેવી વાણી બોલવી જોઈએ ? તેના વિશે સમજાવતા કહે છે કે,

"सत्यं ब्रूयात् प्रियं ब्रूयात्, न ब्रूयात् सत्यमप्रियम् ।
प्रियं च नानृतम् ब्रूयात्, एषः धर्मः सनातनः ॥"

સત્ય બોલવું જોઈએ, પ્રિય બોલવું જોઈએ, સત્ય પણ અપ્રિય લાગે એવું હોય તો ન બોલવું જોઈએ. તેમજ પ્રિય લાગે એવું અસત્ય પણ ન બોલવું જોઈએ. એ સનાતન ધર્મ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ શિક્ષાપત્રીમાં સત્ય વચન ક્યારે, કેવી રીતે અને શાં માટે બોલવું તેની સમજ આપે છે.

"स्वपरद्रोहजननं, सत्यं भाष्यं न कर्हिचित् ॥"

"પોતાનો અને બીજાનો દ્રોહ અર્થાત્ અહિત થતું હોય એવું સત્ય વચન બોલવું નહીં."

આપણી સત્સંગ પરંપરામાં કથાવાર્તાનું ખૂબ જ મહત્વ છે. સંતો હંમેશાં કથાવાર્તાના માધ્યમથી લોકોને સત્સંગસભર જીવન જીવવાની પ્રેરણા આપતા રહે છે.



ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી પણ બાળપણથી કથાવાર્તાના પ્યાસી હતા.

આપણે પરમ પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામી લિખિત ધર્મજીવન ગાથામાંથી ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના કથાવાર્તાના અંગ વિશે ખૂબ જ પ્રેરણાસ્પદ વાતો માણી શકીએ છીએ.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ, જુનાગઢ અને અમદાવાદમાં ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ દરરોજ પોતાના આસને સંતો સમક્ષ જીવનલક્ષી કથાવાર્તા કરતા રહેતા. આ કથાવાર્તા એટલી પ્રેરણાસ્પદ રહેતી કે તે સમયના વિદ્યાર્થીઓ અને યુવાન સંતો આ કથામાંથી અમૃતવચનો પોતાની નોંધપોથીમાં લખી લેતા.

અમને પણ ગુરુદેવે વિદ્યાર્થી અવસ્થામાં આ પ્રકારની નોંધ રાખવાની પ્રેરણા આપેલી. તેથી દર રવિવારની વચનામૃત સભામાં તેમજ બ્રહ્મસત્રો અને જ્ઞાનસત્રોમાં ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના મુખે શ્રવણ કરેલી કથા દરમિયાન જે નોંધ ટપકાવેલી છે તે જૂની નોંધોમાંથી કેટલાક પ્રેરક સુભાષિતો વિશે અહીં આ લેખમાળા દ્વારા પુનઃ મનન કરવાનો પ્રયાસ કરીએ છીએ.

જેને બહોળો માનવ સમાજ સત્પુરુષ અથવા મહાપુરુષ તરીકે સ્વીકારીને તેની વાણીનું અમૃતની જેમ પાન કરે છે એવા મહાપુરુષોની વાણીને સુભાષિત કહેવાય છે.

સુભાષિતો સરળ રીતે સમજી શકાય તેમ જ સૌને માટે પ્રેરણાદાયક હોય છે.

આવી અમૃતવાણી સમયાંતરે સદ્ગ્રંથોમાં સંગ્રહિત થયેલી હોય છે અને આ વાણી જ્યારે લેખીની દ્વારા વિવિધ ભાષામાં લખાય છે ત્યારે તે સમગ્ર માનવજાત માટે પ્રેરક સુભાષિતો બની રહે છે.

સુભાષિતની સાધારણ વ્યાખ્યા - સારી રીતે કહેવાયેલા અણમોલ વચનો એ સુભાષિતો છે. સત્શાસ્ત્રોમાં આવા અનેક સુભાષિતો છુપાયેલા હોય છે.

કોઈ વિદ્વાન વક્તાઓ જ્યારે પોતાના વ્યાખ્યાનોમાં આ સુભાષિતો પ્રગટ કરે છે ત્યારે શ્રોતાઓને જીવન ઉપયોગી અણમોલ પ્રેરણા મળે છે.

મનુસ્મૃતિમાં મનુ મહારાજ કહે છે :

"विषादप्यमृतं ग्राह्यं, बालादपि सुभाषितम् ।
अमित्रादपि सद्वृत्तं, अमेध्यादपि कांचनम् ॥"

"ઝેરમાંથી પણ અમૃત ગ્રહણ કરી લેવું, બાળક પાસેથી પણ હિતકારી વાત સ્વીકારવી, દુશ્મન પાસેથી પણ સારું વર્તન શીખી લેવું અને અશુદ્ધ ભૂમિમાંથી પણ સુવર્ણ શોધી લેવું."

આપણી સનાતન પરંપરામાં તેમજ અન્ય સદ્ગ્રંથોમાં સુભાષિતો અવનવી રીતે પ્રગટ થતાં રહ્યાં છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ગુરુકુલ પરંપરાને ઉજાગર કરનાર ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે વિદ્યાર્થીઓના જીવન ઘડતર માટે વિદ્યા સાથે સદ્વિદ્યાના સંસ્કારોનું સિંચન કરતાં જે ધાર્મિકવર્ગો પ્રારંભ કરાવેલા તેમાં વિદ્યાર્થી સહિત સૌને પ્રેરણા મળે એવું સત્સંગ સાહિત્ય તેમજ સુભાષિતો દ્વારા જીવન ઘડતર કરવાની એક આગવી પરંપરા પ્રગટ કરેલી છે.

જેને વિદ્યા પ્રાપ્ત કરવી છે એવા વિદ્યાર્થીએ કેવી સમજણ સાથે આચાર-વિચાર કેળવવા જોઈએ તેના વિશે મનુસ્મૃતિમાં કહ્યું છે કે,

सुखार्थीनः कुतो विद्या नास्ति विद्यार्थीनः सुखम् ।
सुखार्थी वा त्यजेद् विद्यां विद्यार्थी वा त्यजेत् सुखम् ॥

એક શબ્દ છે સુખાર્થી, અર્થાત્ સુખ પામવાની ઈચ્છાવાળો.

બીજો શબ્દ છે વિદ્યાર્થી, અર્થાત્ વિદ્યા મેળવવાની ઈચ્છાવાળો...

આ સુભાષિતમાં ખૂબ જ સરળ રીતે સમજાવ્યું છે કે, જેમને વિદ્યા પ્રાપ્ત કરવી છે તેમણે વિદ્યાકાળ દરમિયાન સુખ મેળવવાની આશા છોડી દેવી જોઈએ. જેમને મોજમજા કરવી છે એમને વળી વિદ્યા કેવી રીતે પ્રાપ્ત થાય? અર્થાત્ વિદ્યાર્થીને સુખ-સગવડ તેમજ મોજમજા અને જલસાના વિચારોથી મુક્ત રહેવું જોઈએ. તો જ એ વિદ્યા પ્રાપ્તિમાં પોતાનું મન સમર્પિત કરી શકે.

જેમને માત્ર સુખ જ મેળવવું છે એમણે વિદ્યા મેળવવા માટે પ્રયત્ન ન કરવો અને વિદ્યા મેળવવી છે એમણે સુખ મેળવવા માટેના અભરખા છોડી દેવા.

વિદ્યા પ્રાપ્ત કરવાની આપણી વૈદિક કેળવણીની પરંપરામાં વિદ્યાર્થી અવસ્થા એ તપ અને સાધનાનો સમય ગણાયો છે.

ગુરુકુલ જીવન પદ્ધતિ એ વિદ્યાર્થીનું મૂલ્યનિષ્ઠ જીવન ઘડતર કરે છે.

સાદગીપૂર્ણ સરળ અને સ્વચ્છ જીવન એ સદ્વિદ્યાના સંસ્કાર સિંચન કરવા માટે ખૂબ જ ઉપયોગી બને છે. એટલે ગુરુઆજ્ઞામાં રહીને વિદ્યાર્થીએ પોતાનું તપોમય જીવન વિદ્યા અર્જન કરવામાં જ વ્યતિત કરવાનું છે. તો સુખ આપોઆપ પ્રાપ્ત થવાનું જ છે. છતાં વિદ્યા દ્વારા કેવી રીતે સુખપ્રાપ્તિ કરી શકાય છે તેની સમજ પણ સુભાષિત દ્વારા જ આપવામાં આવે છે.

विद्या ददाति विनयं, विनयात् याति पात्रताम् ।
पात्रत्वात् धनमाप्नोति, धनात् धर्मं ततः सुखम् ॥

વિદ્યા વિદ્યાર્થીને વિનયી બનાવે છે, અર્થાત ગુરુ પાસે રહીને શ્રદ્ધાપૂર્વક જેમણે વિદ્યા પ્રાપ્ત કરેલી છે, એવા વિદ્યાર્થીમાં વિનમ્રતા અને સરળતા સ્વાભાવિક રીતે આવે છે. વિનમ્ર વિદ્યાર્થીમાં યોગ્યતાઓ પ્રગટ થાય છે. અર્થાત્ એને સુપાત્ર બનાવે છે. વિદ્યાર્થીની સુપાત્રતા એને ધનવાન બનાવે છે. ધન વડે ધર્મકાર્યો સિદ્ધ થાય છે અને એવા ધર્મપાલન દ્વારા વ્યક્તિને સાચું સુખ મળે છે.

આધુનિક સમયમાં વિદ્યા પ્રાપ્ત કરવી એટલે માત્ર ભણવું અને ડિગ્રીઓ પ્રાપ્ત કરવી એવો સંકુચિત અર્થ થઈ ગયો છે, પરંતુ વિદ્યા એ માત્ર ભણતર નથી વિદ્યા પ્રાપ્તિનું મૂળ જ્ઞાન પ્રાપ્તિ છે. જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી એ જ્ઞાનને અનુરૂપ સદ્પ્રવૃત્તિ કરે છે, સમાજની સેવા કરે છે, કુટુંબ-પરિવારની સેવા કરે છે એને ખરા અર્થમાં વિદ્યાવાન કહેવાય છે.

સત્શાસ્ત્રોનું ગુરુમુખ દ્વારા જેમણે શ્રવણ કરેલું છે એવા શિષ્યને શાસ્ત્રોનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થાય છે અને એવું યથાર્થ જ્ઞાન વ્યક્તિને સરળ અને વિનમ્ર બનાવે છે. જ્ઞાની ગુરુજન પાસે વિદ્યા ભણતા ભણતા શિષ્યને પોતાની અજ્ઞાનતાનું ભાન થાય છે. ત્યારે એને સમજાય છે કે પોતે હજી કેટલો અધૂરો છે. આવી ભાવનામાંથી પ્રગટતી વિનમ્રતા વિદ્યાર્થીને ભારે સરળ બનાવે છે.

શિષ્યોને ગુરુનો મહિમા સમજાય છે, શાસ્ત્રનો પણ અપરંપાર મહિમા સમજાય છે તેથી એ વિદ્યાર્થી ગુરુની આજ્ઞામાં રહીને ગુરુની સેવા, સમાજની સેવા, રાષ્ટ્રની સેવામાં પોતાનું જીવન સમર્પિત કરે છે. ગુરુકુલ શિક્ષાપદ્ધતિમાં સદ્વિદ્યાના સંસ્કારનો મુખ્ય હેતુ આવી સેવાભાવનામાં રહેલો છે.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ વારંવાર સમજાવતા કે, 'આ ગુરુકુલ મેં માત્ર ભણાવવા માટે નથી બનાવ્યું, ભણતર સાથે ભગવદ્મય જીવનનું ઘડતર કરવું એ મુખ્ય હેતુ છે. વિદ્યાર્થી આસ્તિક બનશે તો આપોઆપ માતા-પિતા, ગુરુજનો, સમાજ અને રાષ્ટ્રની સેવામાં પોતાનું

જીવન સમર્પિત કરશે.

વિદ્યા પ્રાપ્ત કર્યા પછી જેનામાં અભિમાન આવે છે એ ખરો વિદ્યાર્થી નથી, એ તો માત્ર ડિગ્રીધારી કહેવાતો વિદ્યાર્થી છે. પોતાની મર્યાદાઓનું જેને ભાન થાય અને ગુરુની આજ્ઞામાં રહીને પોતાનું જીવન સમાજની સેવામાં સમર્પિત કરવાની ભાવના પ્રગટ થાય એ જ વિદ્યાપ્રાપ્તિનો સાચો અને મુખ્ય ઉદ્દેશ છે.

આવી વિદ્યા પ્રાપ્ત કરવા માટે મુખ્ય ત્રણ ઉપાય છે.

ગુરુ શુશ્રૂષયા વિદ્યા, પુષ્કલેન ધનેન વા।
અથવા વિદ્યયા વિદ્યા, ચતુર્થો નોપલભ્યતે ॥

વિદ્યા પ્રાપ્તિના મુખ્ય માર્ગ છે...

- ગુરુની સેવા-પરિચર્યા દ્વારા વિદ્યાની પ્રાપ્તિ કરવી.

- ગુરુને ખૂબ ધન (દક્ષિણા) આપીને વિદ્યા પ્રાપ્ત કરવી.

- વિદ્યા દ્વારા વિદ્યાપ્રાપ્તિ અર્થાત્ આદાન-પ્રદાન એ વિદ્યા પ્રાપ્તિનો ત્રીજો માર્ગ છે. સુભાષિતકાર કહે છે કે, વિદ્યાપ્રાપ્તિનો ચોથો કોઈ માર્ગ નથી.

સેવા દ્વારા ગુરુને પ્રસન્ન કરીને વિદ્યા પ્રાપ્ત કરવી એ મુખ્ય માર્ગ છે. આ વૈદિક પરંપરા છે. જ્યારે વિદ્યાપ્રાપ્તિ એ આજીવિકા માટેનું સાધન નહોતું, ત્યારે માત્ર જ્ઞાન પ્રાપ્તિ માટે જ વિદ્યા પ્રાપ્ત કરવાની જિજ્ઞાસા ધરાવતા શિષ્યો ગુરુ પાસે જતા. ગુરુકુલમાં જઈ શિષ્ય ગુરુસેવા, ગુરુની પ્રસન્નતા, ગુરુની આજ્ઞામાં તત્પર થઈને ગુરુ સમક્ષ સમર્પિત થાય છે ત્યારે ગુરુના અંતરના રાજીપાથી શિષ્યના જીવનમાં વિદ્યાની પ્રતિષ્ઠા થાય છે.

માનવ જીવનનાં ઘડતરમાં વિદ્યાનો મહત્તમ ફાળો છે. તેથી એવાં જ્ઞાનની પ્રાપ્તિ ગુરુની સેવાથી થાય એ ઉત્તમ માર્ગ ગણાયો છે. ભગવાન શ્રીકૃષ્ણચંદ્રે પણ અર્જુનને ઉદ્દેશીને શ્રીમદ્ ભગવદ્ગીતામાં કહ્યું છે કે,

तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया।

"હે અર્જુન એવા ગુરુજનો પાસેથી તું પ્રણામ કરીને, એમની આગળ વિનયી બનીને, એમને વારંવાર પ્રશ્નો પૂછીને તેમજ એ ગુરુની સેવા દ્વારા એ જ્ઞાનને તું જાણી લે."

આજના શિક્ષણ જગતમાં સેવા, વિનય તેમજ જિજ્ઞાસાનો દુષ્કાળ વર્તાય છે. તેથી નાનપણથી નર્સરી તેમજ શાળા-કોલેજોમાં ખૂબ જ ધન આપીને ભણવાનો એક જબરો ટ્રેન્ડ ચાલ્યો છે. એનો પણ ઉલ્લેખ સુભાષિતકારે કર્યો છે કે, ગુરુજનોને ખૂબ જ ધન આપીને વિદ્યા મેળવી લેવી.

અહીં વિદ્યાનું થોડું અવમૂલ્યન થાય છે અને વિદ્યાને ધારણ કરી રહેલા ગુરુજનોનું પણ મહત્વ ઓછું થાય છે.

મહાભારતમાં ગુરુ દ્રોણાચાર્યે પોતાની આજીવિકા માટે હસ્તિનાપુરના રાજકુમારોને ભણાવવાની, ધનુર્વિદ્યા શીખવવાની શરૂઆત કરી. ત્યાંરથી ધન દ્વારા વિદ્યા પ્રાપ્ત કરવાનો પ્રારંભ થયો છે.

ઉપનિષદકાળમાં ગુરુ-શિષ્યના સંબંધો પ્રેમ અને સમર્પણથી ભરેલા રહ્યા. તેથી ત્યાં કોઈ ધનની લેણદેણ નથી, પરંતુ ગુરુદક્ષિણામાં શિષ્ય પોતાનાં સામર્થ્ય પ્રમાણે ગુરુજનોને જે આવશ્યક હોય એની પૂર્તિ કરે એવી પરંપરા હતી.

ઉજ્જૈનમાં ગુરુ સાંદિપનીના આશ્રમમાં વિદ્યાભાસ પૂર્ણ કરીને ભગવાન શ્રીકૃષ્ણચંદ્રએ જ્યારે વિદાય લીધી ત્યારે દક્ષિણામાં ગુરુમાતાએ પોતાના પુત્રની માગણી કરી. ભગવાન શ્રીકૃષ્ણ ત્યારે એના મૃત પુત્રને પુનઃ પૃથ્વી પર લાવ્યા અને ગુરુદક્ષિણા આપી. એવી આપણી ભવ્ય અને દિવ્ય પરંપરા છે.

અર્થાત્ ગુરુને જે જરૂરી હોય, એમની ઇચ્છા હોય એ પ્રમાણે આપીને એમને રાજી કરવા એ વિદ્યાપ્રાપ્તિનો બીજો માર્ગ છે.

વિદ્યા દ્વારા વિદ્યાપ્રાપ્તિ અર્થાત્ પોતે જે વિદ્યા ભણ્યા હોઈએ એ બીજાને ભણાવવી. એ શિક્ષાપત્રીના સંદેશ અનુસાર પણ વિદ્યાનો ફેલાવો થાય છે અને વિદ્યા પ્રાપ્ત પણ કરી શકાય છે.

'પાઠનીયા અધીત વિદ્યા'

શિક્ષાપત્રીની આ ભલામણ કેટલી

મહાન છે !

હોશિયાર વિદ્યાર્થી પોતાના મિત્રને ભણાવે અથવા સમાજમાં જેમને ભણતરની, ગણતરની અને વ્યવહાર જીવનની શિક્ષા આવશ્યક છે એમને ભણાવે તો એ મહાન પુણ્યનું કાર્ય છે.

દરેક સમજદાર મનુષ્ય માટેનું આ કર્તવ્ય છે કે, પોતાને જે જ્ઞાન પ્રાપ્ત થયું છે અથવા જે આવડત, વિદ્યા, કલા મળેલી છે એ અન્ય લોકોને શીખવવી.

ઘણા મા-બાપ ભણેલા હોતા નથી. ગામડા ગામમાં જનમ્યા, મોટા થયા અને કામધંધે લાગી ગયા હોય. આજીવિકા ઉપાર્જનમાં વ્યસ્ત થઈ ગયા હોય. તેમને પણ મોટી ઉંમરે એવો અહેસાસ થાય છે કે, આપણે ભણ્યા નથી તેથી આપણને કંઈ ખબર પડતી નથી. આવા અનેક અભણ કહેવાતા લોકોની મહેચ્છા પૂરી થાય એવું આ સુવાક્ય શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં સત્સંગીઓને, પોતાના આશ્રિતોને એક આજ્ઞા તરીકે મૂકેલું છે.

ભારત દેશની આઝાદી સાથે મોટો પ્રશ્ન પ્રજાની કેળવણીનો હતો. સરકાર તેમજ સમાજના અગ્રણીઓ આ દિશામાં ખૂબ જ મનોમંથન કરી રહ્યા હતા. એ સમયમાં એટલે કે ઈસવીસન ૧૯૪૭-૪૮ માં શ્રી સ્વામિનારાયણ ભગવાનના એક સંતે સદ્વિદ્યા પ્રવર્નતનનો સંકલ્પ કર્યો. જેનો આદેશ શિક્ષાપત્રીમાં સ્વયં સહજાનંદ સ્વામીએ આપેલો જ છે.

આ આદેશ સંદેશ એટલે કે...

संस्थाप्य विप्रं विद्वासं पाठशाला विधाप्य च ।
प्रवर्तनीया सद्विद्या भुवि यत्सुकृतं महत् ॥

વિદ્યાર્થીને ભણાવવાની એક પાઠશાળાની સ્થાપના કરીને તેમાં વિદ્વાન બ્રાહ્મણને રાખીને સમગ્ર પૃથ્વીને વિશે સદ્વિદ્યાનું પ્રવર્તન કરવું એ મહાન પુણ્યકાર્ય છે.

આઝાદી પછી એટલે કે આધુનિક સમયમાં ગુરુકુલ પરંપરાનો પુનરોદ્ધાર જે રીતે એક સંત દ્વારા થયો તેના મૂળમાં આ શિક્ષાપત્રીનો શ્લોક રહેલો છે. એ સંત એટલે આપણા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી. આ સંતવર્યે આ શ્લોકને પોતાના જીવનનો સાધનામંત્ર બનાવીને ગુરુકુલના માધ્યમથી અનેક લોકોના જીવન ઘડતરમાં મહત્તમ ફાળો આપ્યો છે.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સ્થાપનાની આ પૃષ્ઠભૂમિ છે. સર્વજીવ હિતાવાહ સેવાઓ તેમજ સદ્વિદ્યા પ્રવર્તન દ્વારા આજે ૭૫ વર્ષથી ગુરુકુલોના માધ્યમથી મહાન સેવા કાર્ય થઈ રહ્યું છે.

ગુરુકુલ એટલે માત્ર વિદ્યાર્થીને રાખવાના છાત્રાલયો કે ભણવાના વિદ્યાલયો જ નહીં, પરંતુ ખરા અર્થમાં સદ્વિદ્યા પ્રાપ્તિના કેન્દ્ર છે.

સદ્વિદ્યા એટલે શું ? એ સમજવા માટે આપણે ગુરુકુલના આદ્ય ટ્રસ્ટી, બાલકવિ શ્રી ત્રિભુવનભાઈ ગૌરીશંકર વ્યાસની રચેલી એક પ્રાર્થનામાં અવગાહન કરવું જરૂરી છે.

વિધાતા બ્રહ્માંડો અગણિત તણા સર્વ કરતા,
પ્રમાતા ધાતા છો પ્રણતજનનાં કષ્ટ હરતા,
અનાદિમાયાનું ઘન તિમિર આ દૂર કરજો,
પ્રભો ! સદ્વિદ્યાના અમ હૃદય સંસ્કાર ભરજો...૧
તમારો ગાયે આ અણું અણું મહી સૃષ્ટિ મહિમા,
તમારી આત્મામાં વિલસી રહી છે દિવ્ય પ્રતિમા,
બધાં ઐશ્વર્યો તે જગતભરના આપ સરજો,
પ્રભો ! સદ્વિદ્યાના અમ હૃદય સંસ્કાર ભરજો...૨
સદા હો સત્સંગે સુરુચિ પથમાં ચિત્ત રમતું,
ન ક્યારે સ્વચ્છંદે કુરુચિ વિષયે થાય ભમતું,
વિચારે આચારે નિત જીવનમાં શ્રેય ધરજો,
પ્રભો ! સદ્વિદ્યાના અમ હૃદય સંસ્કાર ભરજો...૩
ન લોભાઉ બૂરી જગતગત જંજાળ ભરમાં,
ન લોપાઉ ક્યારે અસુરજન કેરી અસરમાં,
સદા એવું અંતઃકરણ દૃઢ ને શુદ્ધ કરજો,
પ્રભો ! સદ્વિદ્યાના અમ હૃદય સંસ્કાર ભરજો...૪
સદા સત્શાસ્ત્રોના મનન પઠને વૃત્તિ વળજો,
તમારા સંતોને ભગવદીયનો સંગ મળજો,
વિહારો આહારો તન મન વડે શુદ્ધ જ હજો,
પ્રભો ! સદ્વિદ્યાના અમ હૃદય સંસ્કાર ભરજો...૫
ન નિંદા દેવોની કદીય વચને કોઇની બને,
વિમુખોના મુખે હરિગુણ સુણાયે ન શ્રવણે,
અહિંસા પ્રાણીની મન વચનમાં શુદ્ધ વરજો,
પ્રભો ! સદ્વિદ્યાના અમ હૃદય સંસ્કાર ભરજો...૬
કરું સેવા માતા પિતા ગુરુ અને વૃદ્ધજનની,
દરિદ્રી રોગી ને પતિત નબળા અજ્ઞજનની,
કુટુંબી મારા સૌ જનગણગણું એમ કરજો,
પ્રભો ! સદ્વિદ્યાના અમ હૃદય સંસ્કાર ભરજો...૭
રહો ધ્યાને મૂર્તિ અભયવર મુદ્રાંકિત મુદા,
મુખે સ્વામિનારાયણ સતત હો જો જપ સદા,
હંમેશા હે સ્વામિન્ ! તવ ચરિતમાંહી સ્થિતિ થજો,
પ્રભો ! સદ્વિદ્યાના અમ હૃદય સંસ્કાર ભરજો...૮

આ આઠ કડીની પ્રાર્થનામાં સદ્વિદ્યાના સંસ્કારો છુપાયેલા છે, અનેક સુભાષિતોના સારરૂપ આ પ્રાર્થના વિશે આગામી અંકમાં વિશેષ નિરૂપણ કરીશું.

ધીરજ ધર તું અરે અધીરા....

- મહેશ પટિયાર

'યોગક્ષેમં વહામ્યહમ્' ગીતાના આ અભય વચનનો ધ્વનિ વ્યક્ત કરતું સદ્‌ગુરુ દેવાનંદ સ્વામીનું પદ.

ગુજરાતી સાહિત્યના કવિ શ્રી દલપતરામના કાવ્યગુરુ એવા સદ્‌ગુરુશ્રી દેવાનંદ સ્વામી આ પદની શરૂઆતમાં ભગવાને ભગવદ્ ગીતામાં આપેલા અભયવચન 'યોગક્ષેમં વહામ્યહમ્' (ભક્તના યોગક્ષેમનું વહન હું કરું છું)નો ભાવ રજૂ કરે છે. જો કે આપણી વાત જુદી છે, આપણને તો ભગવદ્ ગીતાનું આ અભય વચન પણ વીમાકંપની દ્વારા જ મળે ત્યારે જ તેમાં પ્રતીતિ આવે છે.

આવી આપણી અધીરતાને ટપારતા સ્વામી કહે છે:

"ધીરજ ધર તું અરે અધીરા, ઈશ્વર પૂરે અન્ન જોને,
ખલક તણો ખટકો પ્રભુને, સાચું માને મન જોને."

હું કરું...હું કરું.... કરતા આપણા સૌમાં પેલા સકટનો ભાર ખેંચવાના વહેમમાં રાચતા નરસૈયાના શ્વાનની મૂર્ખામી જવાનું નામ લેતી નથી.

આપણી પરંપરામાં પરમતત્વને ત્રણ સ્વરૂપ - બ્રહ્મા, વિષ્ણુ અને મહેશમાં વિભાજિત કરીને રજૂ કર્યું છે. બ્રહ્મા સમગ્ર સૃષ્ટિના સર્જક પરિબળોનું પ્રતીક છે, સૃષ્ટિને લાગતા ઘસારાને પૂરો પાડનારા અને પાલક તત્વોના પ્રતીક છે વિષ્ણુ અને વિનાશ નહીં પણ વિસર્જન તત્વના પ્રતીક શિવ છે.

આપણા તમામ અવતારો આ ત્રણ પૈકી પાલકતત્વ વિષ્ણુના થયા છે. વધુ પુરુષાર્થ પણ પાલન કાર્યમાં જરૂરી જણાય છે. બ્રહ્માથી સર્જિત આ સૃષ્ટિનાં સુચારૂ સંચાલન માટે ભગવાનનું પાલક સ્વરૂપ વિષ્ણુ સતત કાર્યશીલ છે. આ વિષ્ણુથી પ્રેરાઈને સૂર્ય, પૃથ્વી અને વૃષ્ટિના સહિયારા પુરુષાર્થથી જળચક્ર,અન્નચક્ર અને ઉર્જાચક્ર સતત, અવિરત ચાલું રહે છે. આ ચક્ર ચાલુ રાખવામાં આપણે માત્ર કર્મ દ્વારા ટેકો કરી શકીએ છીએ, ચક્રને ચલાવી શકતા નથી.

ટૂંકમાં આ થિયરી 'કર્મનો જ તું અધિકારી, ફળનો નહીં' એવા કૃષ્ણના ગીતાસંદેશમાં રજુ થઈ છે.

આ સૃષ્ટિનું પાલન પોષણ કરવા ઈશ્વર કેટલો તત્પર છે એ સ્વામી 'ખલક તણો ખટકો પ્રભુને..' એ શબ્દો દ્વારા બતાવે છે. ઈશ્વર જ આપણું યોગક્ષેમ વહન કરે છે એ વાતને ઘૂંટવા માટે સ્વામી આપણને પોતીકા લાગે એવા દાખલા-દલીલ રજૂ કરતાં કહે છે:

"જનમ્યુ તેને જીવાડવાને, ઉપાય શોધ્યો શુદ્ધ જોને,
હાડ-માંસના હૈયા મધ્યે, દેવે સર્જ્યાં દૂધ જોને."

કેટલું સચોટ, સરળ અને જીવંત ઉદાહરણ!!

અહીં સ્વામી સોટચના શિક્ષક બની ગયા હોય એવું લાગે.

આ સૃષ્ટિમાં જીવ આવે એ પહેલાં જ તેના પોષણની આગોતરી તૈયારી કુદરત કરીને જ રાખે છે. જીવ આવે એ પહેલાં એના ખોરાકની ચિંતા સર્જનહાર કરે છે એનો ઉત્તમ પુરાવો માતાના સ્તનમાં આવેલું દૂધ છે.

આશ્ચર્ય જૂઓ, કશી જ તાલીમ વગર બાળક સ્તનપાન કરવા લાગે છે !! સ્તનપાન માટે પ્રથમવાર પ્રેરનાર કોઈ તત્વ તો હશે ને ? આ હકીકત મનુષ્યેતર પ્રાણીઓમાં પણ સહજ છે. કહેવું જોઈએ કે વધુ સહજ છે.

સૃષ્ટિના પાલન-પોષણના કાર્યમાં ઈશ્વરનું આયોજન કેટલું સૂક્ષ્મ અને સુચારુ છે તે સમજાવતા સ્વામી કહે છે:

"કીડીને કણ હાથીને મણ, ચારપગાને ચાર જોને;
કોસીટામાં કીટ વસે છે, ઇશ્વર પુરે આહાર જોને."

સૃષ્ટિને ખૂણે ખૂણે, જ્યારે જેની જરૂર હોય ત્યાં તે ચીજ નિયમિત પહોંચતી રહે છે. આ બધી આપણી અનુકૂળતા સાચવવા સતત પ્રયત્નશીલ વિષ્ણુને વિષ્ણુસહસ્ત્રનામમાં 'અનુકૂળ' પણ કહ્યા છે.

કોશિટામાં રહેલા નાના સૂક્ષ્મ કીટનું યોગક્ષેમ સાચવીને કુશળ રાખનાર કોઈક તો છે જ. કીડીના આંતરડાની રચના કરનારના કાર્યમાં આપણને ચમત્કાર નથી દેખાતો એટલે કોઈ હાથમાંથી કંકુ ખેરવતાં લેભાગુ તત્વોમાં આપણે ચમત્કાર જોવા મજબૂર છીએ!!



મહાત્મા ગાંધી કહેતાં, 'હાલની વસ્તી છે એના કરતા પણ વધારે વસ્તીને પોષવાની ક્ષમતા આ પૃથ્વીમાં છે પણ એક માણસના લોભને પોષવાની ક્ષમતા એનામાં નથી.'

આ પદમાંથી પસાર થતાં એક ખાસ બાબત સમજવી જરૂરી છે કે સ્વામી અહીં માણસના પેટ ભરવાની અને પોષણ કરવાના ઈશ્વરકાર્યની વાત કરે છે. માણસના પેટ ભરવાની જવાબદારી વહન કરે એવો ઈશ્વર ભોળો ખરો પણ એના પાકીટ ભરવાનો ઠેકો ઉપાડે એવો ઈશ્વર ભોટ નથી. સ્વામીની આ વાત આપણને અપરિગ્રહના આદર્શ ભણી દોરી જાય એમ છે.

સાંજે નિજાનંદ સાથે પોતાના રહેઠાણમાં પાછાં ફરતાં પશુ-પંખી આવતીકાલના ખોરાક માટેની ચિંતાથી મુક્ત હોવા છતાં એ પૈકી કોઈ ભૂખ્યું મર્યું હોય એવું બન્યું નથી અને જો ક્યાંક બન્યું હોય તો એના પાયામાં માણસનો હસ્તક્ષેપ જવાબદાર હશે જ !!

સ્વામીને સૃષ્ટિમાં સર્વત્ર કર્તા તરીકે ઈશ્વર દેખાય છે. આપણને પણ આવા સર્વલોક મહેશ્વરનાં દર્શન કરાવવા સ્વામી અધીરા બન્યા છે. આ વિરાટ દર્શન કરાવતા સ્વામી લખે છે :

"મશીદ કેરા કોટ મિનારા, ઉપર ઉગ્યા ઝાડ જોને;
પથ્થર ઉપર પાણી વરસે, તે ઈશ્વરનો પાડ જોને."

મંદિર કે મસ્જિદના ઘુમ્મટ, મિનારા પર ઉગેલા ઝાડ, પથ્થરની તિરાડમાંથી કે ડામર રોડને તોડીને ડોકિયા કરતું કુણું ઘાસ આપણને આશ્ચર્યમાં ગરકાવ કરી જાય છે. આથી પણ વધારે વિસ્મયજનક આશ્ચર્ય તો આદિમાનવને પ્રથમવાર વરસાદને વરસતો જોઈને થયું હશે ને ?

આવું આખી સૃષ્ટિમાં ન સમાય એવું સુખદ તો ક્યારેક વિસ્મયજનક આશ્ચર્ય માણસની બે આંખ અને એક હૈયામાં સમાવનાર ઈશ્વરના ઐશ્વર્યને કોઈ સીમા ખરી ? આ બધું ઐશ્વર્ય, આશ્ચર્ય સતત સૃષ્ટિને લાગતાં ઘસારાને પૂરો કરીને નાવીન્યતા પ્રદાન કરતા રહીને નિત્યનૂતન રાખતા રહે છે.

ભરતી-ઓટ, સૂર્યોદય-સૂર્યાસ્ત, જન્મ-મૃત્યુ સતત ચાલતા રહે છે. ગીતામાં ભગવાન સૃષ્ટિમાં સતત ચાલતી આ પ્રક્રિયાને પોતાના વિરાટ સ્વરૂપનાં દર્શનથી સમજાવે છે.

આપણે ગરીબી - ભૂખમરો નાબૂદ કરવાની વાતો કરતા રહીએ છીએ અને એક બાજુ હજારો પરિવારો પેટ પૂરતું અનાજ પામતા નથી તો બીજી બાજુ લાખો ક્વિન્ટલ અનાજનો જથ્થો સડી જાય છે.

આવી અવ્યવસ્થા કુદરતમાં ક્યાંય નથી. કુદરતમાં સર્વત્ર સુવ્યવસ્થા પ્રવર્તે છે. વિનોબાજી કહેતા કે, 'કુદરતમાં ક્યાંય અકસ્માત નથી.'

બ્રહ્માંડની રચનામાં રહેલું વ્યવસ્થાપન આપણને અવાક કરી જાય એવું છે, પણ સ્વામી અહીં તો પ્રાણીમાત્રના પોષણ માટેની ઈશ્વરની સુચારુ વ્યવસ્થા સમજાવતાં કહે છે:

"અરણ્યવનમાં અજગર રહે છે, ડગલું ભરે દોટ જોને;
વિશ્વંભરનું બિરુદ વિચારો, ખાવાની શી ખોટ જોને."

સાવ ધીમી ગતિવાળા અજગરના મોંમાં ખૂબ ઝડપી દોડતા પ્રાણીઓ પણ આવી જાય છે એવી સૂક્ષ્મ વ્યવસ્થા સર્જનહારની છે. વળી આ વાતને ઘૂંટતા સ્વામી આગળ લખે છે:

"અનળપક્ષી આકાશે રહે, મદઝર ભરખે મોટા જોને;
પરમેશ્વરની કૃપા વડે તો, બન્યા જળના ગોટા જોને.
મરાળને મોતીનો ચારો, વખતે આપે વાલો જોને;
દેવાનંદ કહે દેવ ભરોસે, મગન થઈને માલો જોને."

ઉપરના બંને ઉદાહરણમાં અનળ પક્ષી અને મરાળ કહેતા રાજહંસની વાત કરતા સ્વામી સમજાવે છે કે, એમનો ખોરાક જરા હટકે, એટલે કે જુદા પ્રકારનો અને સહજ રીતે સુલભ ન બને એવો છે. છતાં પણ સમયે સમયે એમને એમનો ખોરાક મળી રહે છે.

આ ઉદાહરણ પહેલી નજરે આળસુ માણસની આળસને પોષનારા લાગે, પણ સ્વામીનો હેતુ અહીં આપણી આળસને પોષવાનો નથી.

ઈશ્વર શ્રદ્ધા સાથે સાથે પુરુષપ્રયત્ન કેટલો જરૂરી છે એ સમજાવતાં સ્વામી આ જ કીર્તનના બીજા પદમાં પાંડવો, હરિશ્ચંદ્ર, પ્રહલાદજી, સુદામા, વિદુરજી, શેઠ સગાળશા, રંતીદેવ જેવા સંસારની ફિકર તજીને ઈશ્વરની શ્રદ્ધાના બળે - પોતાના પુરુષાર્થને અંતે જે પરમ સિધ્ધિને વર્યા એના ઉદાહરણો આપે છે.

પ્રસ્તુત પદમાં હું...હું... કરતા માણસના હુંપણાને સખણો રાખવાની વાત કરે છે. પુરૂષ પ્રયત્ન કરીને છૂટો પડે અને ફળ ઈશ્વર પર છોડે એ જ એનું કામ છે. આ વાતને સ્વામી દાખલા-દલીલો, શાસ્ત્રવચન, અગાઉના મહાપુરૂષના જીવનદ્રષ્ટાંતો દ્વારા વારંવાર ઘૂંટે છે.

મહાભારતના યુદ્ધ પછી પાંડવોને બર્બરિકનું મસ્તક મળે છે. એને આખું યુદ્ધ નિહાળેલું છે એટલે તે અર્જુનને કહે છે કે, 'યુદ્ધભૂમિ પર મેં તો સર્વત્ર કૃષ્ણનાં સુદર્શન ચક્રને ફરતું જોયું છે.'

આ બતાવે છે કે અર્જુનનું ગાંડીવ, ભીમની ગદા, યુધિષ્ઠિરના ભાલા અને નકુલ-સહદેવની તલવાર પાછળ શક્તિ તો કૃષ્ણની જ હતી. બર્બરિકની માફક સ્વામીને પણ સર્વત્ર પોષણ કરતા પરમતત્ત્વનાં દર્શન થાય છે, આવા પરમતત્ત્વનું દર્શન કરાવવા સ્વામી એક સારા શિક્ષકની માફક આપણને શીરાની જેમ ગળે ઉતરી જાય એવા ઉત્તમ ઉદાહરણો આપીને વારંવાર સમજાવે છે.

સમાચાર દર્શન

શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર સવાનાહ - અમેરિકા ખાતે સર્વેશ્વરધામનું નિર્માણ

SGVP ગુરુકુલ - અમદાવાદના અધ્યક્ષ સ્વામી શ્રી માધવપ્રિયદાસજી દ્વારા અમેરીકા ખાતે SGVP ગુરુકુલ - અમેરીકાનું નિર્માણ કરવામાં આવેલું છે. અહીં સમસ્ત હિંદુ ધર્મના સમન્વય સ્વરૂપ શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિરનું નિર્માણ થયું છે.

પ્રાકૃતિક વાતાવરણથી સુશોભિત ગુરુકુલના કેમ્પસમાં ૧૮ એકરનું તળાવ છે, જે ગુરુકુલની સુંદરતામાં અત્યધિક વધારો કરે છે. પૂજ્ય સ્વામીશ્રીએ સરોવરનું નામ 'માનસરોવર' રાખેલ છે.

માનસરોવરના મધ્ય ભાગમાં સુંદર આઈલેન્ડ છે. સ્વામીશ્રીની પ્રેરણાથી આ આઈલેન્ડમાં સર્વેશ્વર ધામનું નિર્માણ કરવામાં આવ્યું. આ સર્વેશ્વર ધામમાં શ્રીહનુમાન જયંતિના પવિત્ર દિવસે ભગવાન શ્રીનીલકંઠવર્ણી તથા દ્વાદશ જ્યોતિર્લિંગની સ્થાપનાનો મંગલ પ્રતિષ્ઠા ઉત્સવ યોજવામાં આવ્યો હતો.

ઘટાદાર વૃક્ષોથી ઘેરાયલે રમણીય આયલેન્ડનું નૈસર્ગિક વાતાવરણ મનને શાંતિ આપનારું છે. સોનામાં સુગંધ ભળે એમ નીલકંઠવર્ણી તથા દ્વાદશ જ્યોતિર્લિંગની સ્થાપનાથી આઈલેન્ડની રમણીયતામાં દિવ્યતાનો ઉમેરો થયો છે.

આ પ્રતિષ્ઠાના પાવન પ્રસંગે પાંચ દિવસ જ્ઞાનસત્ર યોજાયો હતો. જેમાં સ્વામીશ્રીએ ભારતીય સંસ્કૃતિના વિવિધ પાસાઓ સારી રીતે સમજાવ્યા હતા ઉપરાંત આ સર્વેશ્વર ધામના ઉદ્‌ઘાટન પ્રસંગે સ્વામીશ્રીએ જણાવ્યું હતું કે, 'ભારતના વિવિધ તીર્થોમાં જ્યોતિર્લિંગ સ્વરૂપે બિરાજમાન મહાદેવજી આજે સર્વેશ્વર ધામમાં આવીને બિરાજ્યા છે. ભગવાન નીલકંઠવર્ણી તપ, જપ અને સંયમનો માર્ગ બતાવી આત્યંતિક કલ્યાણને આપનારા છે. ભગવાન શિવજી પરમ શાંતિ અને સુખના દાતા છે. ભારતમાં ભગવાન શિવજી બાર જ્યોતિર્લિંગ રૂપે બિરાજે છે, એમના પ્રતિકરૂપે અહીં આ શિવલીંગોની સ્થાપના કરવામાં આવી છે.'

'આ સર્વેશ્વરધામ અમેરીકામાં ઉત્તમ તીર્થ બનશે. અહીંયા અનેક ભાવિક ભક્તજનો દર્શને આવશે અને દિવ્યતાનો અનુભવ કરશે.'

આ પ્રતિષ્ઠા ઉત્સવ પ્રસંગે શ્રીવિષ્ણુયાગ તથા રુદ્રયાગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અનેક ભાવિક ભક્તજનોએ ભાગ લીધો હતો.

સર્વેશ્વર ધામ તથા માનસરોવરના ઉદ્‌ઘાટન પ્રસંગે ઠાકોરજીની શોભાયાત્રા, ભગવાનનો મહાભિષેક, ભવ્ય અન્નકૂટોત્સવ, રાજોપચાર પૂજન, બાલમંચ, મહિલામંચ વગેરે અનેકવિધ આયોજનો કરવામાં આવ્યાં હતાં.

પ્રસંગની પૂર્ણાહુતિ સમયે સ્વામીશ્રીએ આ સર્વેશ્વર ધામના નિર્માણ માટે તથા મહોત્સવની પૂર્ણતા માટે યજમાન તરીકે લાભ લેનારા ભક્તજનોને સન્માનિત કર્યા હતાં.

વિશેષ મહત્વની વાત એ છે કે, આ મહોત્સવમાં સવાનાહ શહેરના મેયરશ્રી વેન આર. ઝોન્સન, રાજદ્વારેથી શ્રી બર્ડી કાર્ટર (કોંગ્રેસમેન, યુ.એસ.એ.), શ્રી રોન્સ સ્ટીફન્સ (જ્યોર્જિયા વિધાનસભાના સભ્યશ્રી) ઉપરાંત સીટી કાઉન્સેલરો શ્રી સેમ કાર્ટર, કિસા ગેબસન, અલિસ્યા બ્લેકલી ઉપસ્થિત રહ્યાં હતાં અને પોતાનાં અંતરની પ્રસન્નતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે, 'સ્વામીશ્રી ભારત અને અમેરીકા વચ્ચે એક સુંદર બ્રિજ બાંધી રહ્યા છે. અહીં આવવાથી અમારા અંતરમાં ખૂબ જ શાંતિ થાય છે. આ સ્થળ અમારા સવાનાહની સુંદરતામાં ખૂબ જ વધારો કરનારું છે.'

મહોત્સવના દિવ્ય આનંદનો લાહ્વો માણવા માટે અમેરીકાના જાણીતા ન્યુરોલોજીસ્ટ, ઉદ્યોગપતિ અને ગુરુકુલના ટ્રસ્ટી ડૉ. વિજયભાઈ ધડુક (ન્યુજર્સી), ડૉ. જયભાઈ હરખાણી (સાલીસબરી), ડૉ. જયરામભાઈ કણકોટીયા (ટેમ્પા), સંપ્રદાયના આગેવાન ભક્તરાજ શ્રી અર્જુનભાઈ માલવિયા (શિકાગો), ડૉ. કાંતિભાઈ ભલાણી (ટેમ્પા), ડૉ. અરવિંદભાઈ પટેલ (શિકાગો) ઉપરાંત ન્યુજર્સી, ફ્લોરીડા, ટેક્સાસ, નોર્થ કેરોલાઈના, સાઉથ કેરોલાઈના, વર્જિનીયા, જ્યોર્જિયા વગેરે અનેક રાજ્યો ઉપરાંત કેનેડાથી વિશાળ સંખ્યામાં ભાવિક ભક્તજનો પધાર્યા હતા. સવાનાહના ઉત્સાહી ભાઈ-બહેનોએ વિવિધ વિભાગોમાં રાત્રી-દિવસ સેવા કરી

પ્રસંગને દિપાવ્યો હતો.

આઈલેન્ડના નિર્માણનું કાર્ય પૂર્ણ કરવું એ મોટી ચેલેન્જ હતી. સવાનાહના અગ્રણી બિજનેસમેન અનિલભાઈ પટેલ તથા ભાવિક ભક્તોએ એ ચેલેન્જને ઉપાડી લીધી હતી અને સમયસર કાર્ય પૂર્ણ કર્યું હતું. સવાનાહના જયંતિભાઈ પટેલ ખૂબ સમજુ આગેવાન છે, એમણે ઉત્સવના સંકલનની જવાબદારી સફળતાપૂર્વક પાર પાડી હતી. દ્રોણેશ્વર ગુરુકુલથી પધારેલા ભંડારી સ્વામી હરિકૃષ્ણદાસજી, યુવાન સંત શાસ્ત્રી વેદાંતસ્વરૂપદાસજી, સ્વામી કુંજવિહારીદાસજી, સ્વામી ભક્તિવેદાંતદાસજી વગેરે સંતોના માર્ગદર્શનમાં આ પ્રસંગ અતિભવ્ય રીતે ઉજવાયો હતો.

જ્ઞાનસત્ર - ડલાસ

પૂજ્ય સ્વામીજીની અનેરિકાની યાત્રા દરમિયાન અમેરીકા, ટેક્ષાસ ખાતે આવેલ ડલાસ સીટીમાં કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. ડલાસના ગ્રાન્ડપેરી વિસ્તારમાં વડતાલ તાબાનું વર્ષો જૂનું શ્રી સ્વામિનારાયણ મંદિર આવેલું છે. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ વર્ષો પહેલા અહીં પધાર્યા હતા અને સત્સંગના બીજ રોપ્યાં હતાં. અખંડ ભગવદ્ પરાયણ શ્રી જોગી સ્વામી અહીં પધાર્યા હતા અને સત્સંગના બગીચાનું પોષણ કર્યું હતું. વડતાલ ગાદીના ધર્મધુરંધર આચાર્ય મહારાજશ્રી રાકેશપ્રસાદજી મહારાજ તથા વડતાલ ગાદીના પવિત્ર સંતો અવાર નવાર અહીં પધારતા રહ્યા છે. પૂજ્ય સ્વામીજીએ પણ અવાર નવાર પધારી આ સત્સંગના બગીચાનું પોષણ કર્યું છે.

SGVPના પવિત્ર સંત પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી આ મંદિરમાં ઘણો સમય રહ્યા છે. પુરાણી સ્વામીની પ્રાર્થનાથી ભગવાને અનેક ભક્તજનોના મનોરથ પૂરા કર્યા છે. પુરાણી સ્વામી જેવા સીધા, સાદા, સરળ વાત્સલ્યમૂર્તિ સંત પ્રત્યે અહીંના ભક્તોના હૃદયમાં અનન્ય પૂજ્યભાવ રહ્યો છે. એક વર્ષ પહેલા પુરાણી સ્વામી અક્ષરવાસી થયા પછી અહીંના ભક્તજનોના અંતરમાં પુરાણી સ્વામીની પાવનકારી સ્મૃતિમાં સત્સંગ જ્ઞાનયજ્ઞ કરાવવાનો મનોરથ રમતો હતો.

અમેરિકાના સત્સંગ વિચરણ દરમિયાન સ્વામીજી ડલાસ પધારતા અહીંના ભક્તજનોના આગ્રહથી 'સત્સંગ જ્ઞાનસત્ર' અંતર્ગત 'સદ્‌ગુરુ ચરિત્ર'ની કથાઓનું શ્રવણ કરાવ્યું હતું.

આ કથા દરમિયાન પૂજ્ય સ્વામીશ્રીએ ભક્તજનોને ભારતીય સંસ્કૃતિના મહાન સંતો તથા ઋષિમુનિઓની મહાન ગાથાઓનું શ્રવણ કરાવ્યું હતું. કથા દરમિયાન સ્વામીશ્રી સનાતન ધર્મના અનેક રહસ્યો સમજાવતા હતા. દરરોજ કથાના અંતિમ ચરણમાં પ્રશ્નોત્તરી થતી હતી, જેમાં ભક્તજનો દ્વારા પૂછાતા પ્રશ્નોના સમાધાન થતા હતા.

પ.ભ.શ્રી મનુભાઈ કોરડીયા, ઘનશ્યામભાઈ પટેલ, પ્રવિણભાઈ પટેલ વગેરે ડલાસ નિવાસી ભક્તજનોએ યજમાનપદે રહીને ખૂબ જ પ્રેમથી લાભ લીધો હતો. ડલાસ મંદિરના મુખ્ય કોઠારીશ્રી પી.પી. શાસ્ત્રી સ્વામીએ(વડતાલ મંદિર) આ આયોજનને સંપૂર્ણ માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. મંદિરના પ્રમુખ શ્રી દક્ષેશભાઈ પટેલ, કમિટીના સભ્યશ્રીઓ તેમજ ટ્રસ્ટી શ્રી રજનીભાઈ પટેલ, ડો. રાજેશભાઈ પટેલ, ઘનશ્યામભાઈ પટેલ, ભરતભાઈ પટેલ વગેરેએ ભારે કુશળતાપૂર્વક આ આયોજનને પાર પાડ્યું હતું.

સત્સંગ જ્ઞાનયજ્ઞ વખતે મોટી સંખ્યામાં ભાઈઓ તથા બહેનો એકત્રિત થતા હતા. સ્વામીશ્રી મંગલવાણી અને અક્ષરવાસી પુરાણી સ્વામીનું પવિત્ર વ્યક્તિત્ત્વ કથામાં સર્વને ખેંચી લાવતું હતું. મંદિરના સ્વયંસેવક ભાઈ-બહેનોએ ખૂબ જ પ્રેમ અને ઉત્સાહથી ભોજનપ્રસાદ વગેરેની નાની મોટી વ્યવસ્થાઓ ઉપાડી લીધી હતી અને આ આયોજનને સફળ બનાવ્યું હતું.

ગુરુકુલ ગૌરવ

ગુરુકુલના સન્નિષ્ઠ સેવક તથા સદ્‌ગુરુ સંતોના અત્યંત કૃપાપાત્ર રાજકોટ નિવાસી કિશોર મહારાજ દવેના સુપુત્ર પાર્થકુમાર **Ph.D.** થયા છે. રાજકોટ સ્થિત આત્મિય યુનિ.માં કોમર્સ વિષયમાં ડૉ. જયેન ઠાકરના માર્ગદર્શન નીચે પાર્થ દવે દ્વારા રજૂ કરવામાં આવેલ શોધનિબંધ **"Growth Analysis of companies before and after merger and acquisition from various sectors"** ને યુનિ.એ માન્ય રાખી **Ph.D.**ની ઉપાધિ એનાયત કરી છે. પાર્થે આ સિદ્ધિ બદલ પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામીજી, પૂજ્ય બાલકૃષ્ણસ્વામી, પૂજ્ય હરિસ્વરૂપ સ્વામી સહિત ગુરુકુલ પરિવારના સર્વે સંતો અને હરિભક્તોનો રાજીપો પ્રાપ્ત કરેલ છે.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર, જવાહર રોડ, જૂનાગઢ

શ્રીમદ ભાગવત સપ્તાહ પારાયણ

વક્તા :: પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી (SGVP અમદાવાદ)

તા. ૦૫ થી ૧૧ મે, ૨૦૨૩

વૈશાખ સુદ-૧૫ થી વૈશાખ વદ-૬

કથા સમય

સવારે : ૮:૩૦ થી ૧૧:૩૦ ● બપોરે : ૩:૩૦ થી ૬:૦૦

આયોજક

પૂજ્ય સંતો - સમસ્ત સત્સંગ સમાજ એવં
શ્રી રાધારમણદેવ વહીવટી સમિતિ - જૂનાગઢ વતી
મુખ્ય કોઠારી શા. સ્વામી શ્રી પ્રેમસ્વરૂપદાસજી એવં કો. શ્રી પી.પી. સ્વામી

મુખ્ય યજમાનશ્રી

અ.નિ. હરદાસભાઇ કરશનભાઇ બારસિયાની પવિત્ર સ્મૃતિમાં
હ. સુપુત્ર પ.ભ. શ્રી ગોવિંદભાઇ હરદાસભાઇ બારસિયા (ગુંદાસરા - હાલ અમદાવાદ)

પરમ પૂજ્ય ધ.ધુ.૧૦૦૮ આચાર્ય
શ્રી રાકેશપ્રસાદજી મહારાજ

શ્રી રાધારમણદેવનો
195 મો
વાર્ષિક પાટોત્સવ

વક્તાશ્રી : પરમ પૂજ્ય ગુરુવર્ય
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

SGVP અમદાવાદની શાખા

શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર - ઉમરગામ

મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

19 થી 21 મે, 2023

પ્રેરક : પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી
માર્ગદર્શક : પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામ

ઉતારા માટે સંપર્ક
+91 98200 45155
+91 98211 23276

મહોત્સવ સ્થળ

શ્રી નાઘેર વડલો કો. હા. સો. લિ., ભાઠી કરમબેલી રોડ, ઉમરગામ સ્ટેશન પૂર્વ, જી.વલસાડ, ગુજરા

શ્રદ્ધાસુમન

અ.નિ. શ્રી દલસુખભાઈ ગગજીભાઈ પટેલ :- ગામ કામલપુર (સુરેન્દ્રનગર) નિવાસી તથા ગુરુકુલના નિષ્ઠાવાન સેવક શ્રી દલસુખભાઈ પટેલ ૨૬ માર્ચના રોજ મહારાજનું ધ્યાન કરતા થકા અક્ષરવાસી થયા છે. આ પરિવારમાં શ્રીહરિના સમયથી સત્સંગ છે. મૂળ મેમકા ગામનો વતની આ પરિવારને મહારાજે ખૂબ સુખી કર્યા હતા. પિતાશ્રી ગગજીભાઈએ વતનમાં સ્વા. મંદિરનું નિર્માણ કરાવ્યું હતું. દીકરી અમેરિકામાં રહે છે અને ગુરુકુલ સાથે જોડાયેલી છે તથા સુપુત્ર અમદાવાદ ગુરુકુલમાં ખૂબ સારી રીતે સેવામાં જોડાયેલા છે. ભગવાન શ્રીહરિ દલસુખભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્ર જીગર, સુપુત્રી ભૂમિ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી નારણ લાલજી કેરાઈ :- ગામ બળદિયા, હાલ લંડન નિવાસી પ.ભ. શ્રી નારણભાઈ કેરાઈ ૨૪ માર્ચના રોજ અક્ષરવાસી થયા છે. લંડનમાં રહીને નારણભાઈએ ખૂબ સારો સત્સંગ રાખ્યો હતો. કેન્ટન મંદિર તથા ગુરુકુલમાં એમની ખૂબ સેવાઓ રહી છે. ભગવાન શ્રીહરિ નારણભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્ર પ્રેમજીભાઈ, તારાબેન, ભારતીબેન વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી જયંતિભાઈ નરસિંહભાઈ પટેલ :- ગામ ધરમપુર, હાલ અમદાવાદ નિવાસી પ.ભ. શ્રી જયંતિભાઈ પટેલ ૧૪ એપ્રિલના રોજ ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. જયંતિભાઈએ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ તથા સદ્‌ગુરુ સંતોનો અપાર રાજીપો મેળવ્યો હતો. અમદાવાદ ગુરુકુલના પ્રારંભથી આજ દિવસ સુધી એમની તન-મન-ધનથી અપાર સેવા રહી છે. સંકટ સમયે સંતોની સાથે રહી ખરા સમયની સેવા જયંતિભાઈએ કરી હતી. પરિવારમાં વારંવાર વિઘ્નો અવવા છતાં તેમણે પોતાની સમજણ તથા સત્સંગમાં ઓટ આવવા દીધી ન હતી. આવા સમજુ અને સમર્પિત ભક્તરાજના અક્ષરવાસથી ગુરુકુલ પરિવારને ખૂબ મોટી ખોટ પડી છે. ભગવાન શ્રીહરિ જયંતિભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા પૌત્ર ધ્રુવ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી હંસરાજભાઈ દેવરાજભાઈ ધામી :- રાજકોટ નિવાસી પ.ભ. શ્રી હસંરાજભાઈ ધામી ૪ એપ્રિલના રોજ હરિસ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. હસંરાજભાઈ ખૂબ નિષ્ઠાવાન ભક્ત હતા અને એમની સેવાઓ પણ અપાર હતી. ભક્તિ અને સેવામાં અગ્રેસર હંસરાજભાઈને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા હિતેશભાઈ, રિશિભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ પ્રાર્થના એવી પ્રાર્થના.

અ.નિ શ્રી કાનજીભાઈ નારણ રાઘવાણી :- ગામ બળદિયા નિવાસી શ્રી કાનજીભાઈ રાઘવાણી ૧ એપ્રિલના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે અને ગુરુકુલની સેવાપ્રવૃત્તિમાં જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ શ્રી કાનજીભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા દનેશભાઈ, કિશોરભાઈ દિપકભાઈ, રમેશભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી ધનબાઈ કાનજી પટેલ :- લંડન નિવાસી તથા ગુરુકુલ પરિવારના સન્નિષ્ઠ સેવક શામજીભાઈના માતુશ્રી શ્રી ધનબાઈ પટેલ ૨૬ માર્ચના રોજ અક્ષરવાસી થયા છે. આ આખો પરિવાર ખૂબ સત્સંગ અને સંસ્થાની ખૂબ સેવા કરે છે. આ પરિવારની સમજણ અને સમર્પણ અનોખા છે. ખાસ કરીને ઈસ્ટ લંડન મંદિરના નિર્માણમાં આ પરિવારનું સમર્પણ દાદ માગી લે તેવું છે. ભગવાન શ્રીહરિ ધનબાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ સુપુત્રો શામજીભાઈ, મનજીભાઈ, લાલજીભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી ઠાકરશીભાઈ ખોડાભાઈ વઘાસિયા :- ગામ નાળિયેરી મોલી નિવાસી તથા ગુરુકુલના સન્નિષ્ઠ સેવક ઠાકરશીભાઈ વઘાસિયા ૨૮ માર્ચના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ ઠાકરશીભાઈના આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ ભરતભાઈ, ઘનશ્યામભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી મંજુલાબેન નરેન્દ્રભાઈ શાહ :- નાઈરોબી નિવાસી શ્રી મંજુલાબેન શાહ ૨૮ માર્ચના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે અને સંસ્થાના સેવાકાર્યો સાથે જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ મંજુલાબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ નરેન્દ્રભાઈ, બિરેન, પારિત વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઇ

પ.ભ. શ્રી જયંતિભાઈ નરસિંહભાઈ પટેલ હ. નાગરભાઈ
પ.ભ. શ્રી રાજેશભાઈ ધ્રુવ, આણંદ
પ.ભ. શ્રી સુમિતભાઈ કિરીટભાઈ હપાણી
પ.ભ. શ્રી લાલજીભાઈ રવજીભાઈ ભુડિયા, માનકુવા- ભુજ
પ.ભ. શ્રી મહેન્દ્રભાઈ ઈશ્વરભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી મહેન્દ્રભાઈ સાવલિયા, અમદાવાદ
પ.ભ. શ્રી પરષોત્તમભાઈ વાડદોરીયા, અમદાવાદ
પ.ભ. શ્રી સામુબેન કેરાઈ, જયેશ અને ડીલન
પ.ભ. શ્રી ગોરધનભાઈ શિવાભાઈ પટેલ, અમદાવાદ

SGVP દર્શનમ્ સંસ્કૃત સંસ્થાન સંચાલિત

દર્શનમ્ વેદ વિદ્યાલય માટે

જોઇએ છે

⊙ અધ્યાપક
મહર્ષિ સાંદીપનિ રાષ્ટ્રીય વેદવિદ્યા પ્રતિષ્ઠાન, ઉજ્જૈન દ્વારા માન્યતાપ્રાપ્ત દર્શનમ્ વેદ વિદ્યાલયમાં શુક્લ યજુર્વેદ (માધ્યન્દિનીય શાખા) માટે

⊙ યોગ્યતા
વેદ વિષયમાં M.A., B.Ed.-શિક્ષાશાસ્ત્રી, સંહિતા-પદ-ક્રમ-અષ્ટ વિકૃતિ સંપૂર્ણ

સંપર્ક : 8238617913 ● dss@sgvp.org

-: પત્રવ્યવહારનું સરનામું :-
'દર્શનમ્' સંસ્કૃત મહાવિદ્યાલય, SGVP કેમ્પસ, S.G. હાઇવે, છારોડી, અમદાવાદ-૩૮૨૪૮૧

આગામી આયોજન

તા. ૦૧/૦૫/૨૩, સોમવાર : **મોહિની એકાદશી :** કીર્તનભક્તિ સાંજે ૮:૩૦ કલાકે, મેમનગર ગુરુકુલ
તા. ૦૫ થી ૧૧/૦૫/૨૩, **શ્રીમદ્ ભાગવત કથા : સ્વા. મંદિર જૂનાગઢ, વક્તા :** પૂજ્ય ગુરુવર્ય સ્વામીજી
તા. ૧૫/૦૫/૨૩, સોમવાર : **અપરા એકાદશી :** કીર્તનભક્તિ સાંજે ૮:૩૦ કલાકે, મેમનગર ગુરુકુલ
તા. ૨૯/૦૫/૨૩, સોમવાર : **હરિજયંતી :** સવારે શ્રી નીલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન. મેમનગર ગુરુકુલ
તા. ૩૦/૦૫/૨૩, સોમવાર : **શ્રીહરિ અંતર્ધાનલીલા સભા :** મેમનગર ગુરુકુલ, સવારે ૯:૦૦ કલાકે
તા. ૩૧/૦૫/૨૩, બુધવાર : **ભીમ એકાદશી :** કીર્તનભક્તિ સાંજે ૮:૩૦ કલાકે, મેમનગર ગુરુકુલ

sgvpholistichospital.org

SGVP નો એક જ સૂર

ALLOPATHY AYURVEDA

SGVP® HOLISTIC HOSPITAL
FUSION OF MODERN AND TRADITIONAL HEALTHCARE

सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामया

બધા ખુશ રહે અને સહુના સ્વાસ્થ્ય સારા રહે

તમારા **ઘૂંટણની**
ઉત્તમ સારવાર રોબોટિક ટેક્નોલોજીથી

રોબોટિક્સ TKR અને માઇક્રોપ્લાસ્ટીના ફાયદા

સલામત સર્જરી
ઓછો બ્લડલોસ
શ્રેષ્ઠ પરિણામ
ઝડપી રીકવરી ટાઈમ
પ્રિસાઇઝ ની-રિપ્લેસમેન્ટ

ડો. કાર્તિક શુક્લ
MS-ORTHO (GOLD MEDALIST)
SR. ORTHOPAEDIC AND JOINT REPLACEMENT SURGEON,
PIONEER MICROPLASTY SURGERY
DIRECTOR - ORTHOPAEDIC AND
JOINT REPLACEMENT DEPARTMENT

95122 00122

SGVP હોલિસ્ટીક હોસ્પિટલ, SGVP કેમ્પસ,
નિરમા યુનિ. સામે, S.G. હાઈવે, અમદાવાદ

થલતેજ-અમદાવાદ ખાતે યોજાયેલ 'એક સમે અમદાવાદમાં' વ્યાખ્યાનમાંળા પ્રસંગે ઉપસ્થિત સંતો-ભક્તો તથા યજમાન પરિવાર

શ્રી સ્વામિ. મંદિર ડલાસ-અમેરિકા ખાતે પૂજ્ય પુરાણી સ્વામીની સ્મૃતિમાં આયોજિત જ્ઞાનસત્ર પ્રસંગે પૂજ્ય સ્વામીજી તથા ભક્તજનો

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2022-2024
Valid Upto 31-12-2024 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/NG/92/2022-2024 valid upto 31-12-2024. Date of Publication is 25th of every month.

શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર સવાનાહના ચતુર્થ પાટોત્સવ તથા સર્વેશ્વર ધામ ખાતે શ્રીનિલકંઠવર્ણી તથા દ્વાદશ જ્યોતિર્લીંગ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત સ્વયંસેવકો, યજમાનશ્રીઓ, ભક્તજનો તથા અભિષેક-અન્નકૂટ દર્શન.

To.

If undelivered Please Return to:
Shree Swaminarayan Gurukul
Gurukul Road, Memnagar,
Ahmedabad - 380052

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat
વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-